# પહાડ પરના ખેતરમાં યુવતીઓ કામ કરતાં-કરતાં ગીતો પણ ગાય છે




મહાભારતનું મનોરૂપ
ભાણદેવ

અમારી બંને બાજુ પહાડો છે. આ પહાડોમાંથી ઝરણાં નીકળે છે. આ ઝરણાંઓના પાણીને વાળીને, નીકો બનાવીને સફરજનોના બગીચાને પાણી આપવામાં આવે છે. આ તેમની કુદરતી જળસિંચન યોજના છે.

અમે સાંભળ્યું કે સામેના પહાડ પર સુંદરમધુર ગીતનો નાદ આવી રહ્યો છે. ચાર-પાંચ નારીકંઠોમાંથી ગીત નીકળી રહ્યું છે, તેમ જણાય છે. સામેના પહાડ પરના એક ખેતરમાં આ યુવતીઓ કાંઈક કામ કરી રહી છે અને કામ કરતાં-કરતાં ગીતો પણ ગાય છે. એક કડી ગાઈને તેઓ બંધ થઈ ગયાં. ગીતની બીજી કડી સાંભળવા માટે અમે આતુર બની રહ્યા છીએ. આ બહેનો એક જ કડી ગાઈને મૌન કેમ બની ગયાં? ત્યાં જ બીજી કડીનો પ્રારંભ થયો; પરંતુ બહેનો દ્વારા નહિ, ભાઈઓ દ્વારા. તેમનાથી સામેના પહાડ પરથી ગાયનની બીજી કડી ગવાય છે અને અમે સાંભળીએ છીએ.

પહેલી કડી એક પહાડ તરફથી અને બીજી કડી બીજા પહાડ તરફથી! એક કડી બહેનો તરફથી અને બીજી કડી ભાઈઓ તરફથી !

આ શું છે? હું તો ન સમજી શક્યો; પરંતુ લામાજી જરૂર સમજે છે, તેમ તેમના મુખ પરના સ્મિત પરથી લાગે છે! હવે ત્રીજી કડી? મારા મનમાં એમ હતું કે ત્રીજી કડી બહેનો તરફથી ગવાશે, કારણ કે હવે તેમનો વારો છે, પણ તેમ ન બન્યું. ઊલટું જ બન્યું. ત્રીજી કડી ભાઈઓએ ગાઈ. કડી પૂરી ગાઈને તેઓ મૌન થઈ ગયા! અને તુરત જ ચોથી કડીનો પ્રારંભ બહેનો તરફથી થયો!

આ રીતરસમ, આ રમત હું સમજી શકતો નથી. મારી મૂંઝવણ લામાજી કળી ગયા અને તદનુસાર બોલ્યા,

"સ્વામીજી! આ પ્રહેલિકા-રમત ચાલે છે!"

"પ્રહેલિકા-રમત! એટલે શું?"

"જુઓ, સ્વામીજી! બહેનોએ પહેલાં એક કડી ગાઈ. આ કડી દ્વારા તેમણે એક પ્રહેલિકા અર્થાત્ કોયડો રજૂ કર્યો. હવે ભાઈઓએ ગીતની કડી દ્વારા જ આ પ્રહેલિકાનો ઉકેલ આપવો પડે."

"ન આપી શકે તો?"

"ન આપી શકે તો તેમની ફજેતી થાય, તેમના પર મહેણું ચડે!"

થોડી વાર રહીને લામાજી મને આગળ સમજાવે છે,

પરંતુ સામેના પહાડ પર ખેતરમાં કામ કરતા યુવાનો પણ હાર માની લે તેવા નથી. તેમણે ગીતની કડી દ્વારા તે પ્રહેલિકાનું ઉચિત સમાધાન આપ્યું, ઉચિત ઉત્તર આપ્યો. અર્થાત્ બહેનોએ મૂકેલી પ્રહેલિકા ભાઈઓએ ખોલી નાખી."

"પરંતુ ત્રીજી કડી પણ ભાઈઓ જ કેમ ગાય?"

"હવે આ વખતે નવી પ્રહેલિકા મૂકવાનો હક ભાઈઓનો ગણાય. તદનુસાર ત્રીજી કડી દ્વારા ભાઈઓએ બહેનો સમક્ષ પોતાની પહેલિકા રજૂ કરી."

"પછી શું થયું?"

"ચોથી કડી દ્વારા બહેનોએ ભાઈઓએ રજૂ કરેલી પહેલિકાનો ઉચિત ઉત્તર આપી દીધો છે."

> **બહેનોએ પહેલાં એક કડી ગાઈ. આ કડી દ્વારા તેમણે એક પ્રહેલિકા અર્થાત્ કોયડો રજૂ કર્યો. હવે ભાઈઓએ ગીતની કડી દ્વારા જ આ પ્રહેલિકાનો ઉકેલ આપવો પડે**

"હવે પછી?"

"હવે પાંચમી કડી દ્વારા નવી પ્રહેલિકા રજૂ કરવાનો હક બહેનોનો ગણાય. જોઈએ! ક્યારે આ પાંચમી કડી દ્વારા બહેનો ભાઈઓ સમક્ષ પ્રહેલિકા રજૂ કરે છે?"

લામાજીનું બોલવાનું પૂરું થયું કે તુરત અમે બહેનો દ્વારા ગવાતી પાંચમી કડી સાંભળી!"

આખરે મેં લામાજીને પૂછ્યું

"આ રીતે પ્રહેલિકા ઉત્તરનો આ સંગીતોત્સવ ક્યાં સુધી ચાલે?"

"બંને પક્ષો થાકી જાય ત્યાં સુધી અથવા એક પક્ષ વારંવાર હારે તોપણ આ રમત બંધ થઈ શકે છે. આમ આ પ્રહેલિકા-સમાધાનની સુંદર રમતને અમે માણી રહ્યા છીએ, તે જ વખતે બાજુના ખેતરમાંથી એક બાળક દોડતો-હાંફતો અમારી પાસે આવીને બોલ્યો,

"ૐ મણિ પદ્મ હુમ્."

બૌદ્ધ ધર્મની વજયાન ધારાનો આ મહામંત્ર છે.

મેં પણ કહ્યું

"ૐ મણિ પદ્મ હુમ્."

અને લામાજીએ પણ કહ્યું

"ૐ મણિ પત્યે હુમ્."

લામાજી બાળક સામે જિજ્ઞાસાભાવે જોઈ રહ્યા, જાણે કાંઈક સાંભળવા માટે તત્પર અને બાળક પણ તુરત બોલ્યો, "મારાં દાદીમાએ આપ બંનેને પ્રાર્થના કરી છે કે, આપ બંને અત્યારે અમારે ઘેર પધારો." (ક્રમશઃ)

# પ્રાચીન તથા અર્વાચીન સાંસ્કૃતિક શિક્ષણપ્રણાલીનું પરિત્રાણ ગુરુકુળ

સંસ્કૃતિ દર્શન
સનત દવે

'ગુરુકુળ'ની વાત નીકળે અને પૌરાણિક ઉલ્લેખ ના નીકળે એવું બને જ નહિ. માણસને ખરા અર્થમાં શ્રેષ્ઠ માણસ બનાવવા માટે શિક્ષણ ખૂબ જરૂરી હોય છે. સમયના બદલાતા પ્રવાહોમાં શિક્ષણ પદ્ધતિઓ પણ બદલાતી રહી છે. ભગવાન શ્રી રામ અને લક્ષ્મણે વિશ્વામિત્ર અને વશિષ્ઠ ઋષિ પાસે શાસ્ત્ર અને શસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તો શ્રીકૃષ્ણ ભગવાને પણ સાંદીપનિ ઋષિના આશ્રમમાં વેદાભ્યાસ કર્યો હતો. પાંડવો અને કૌરવોએ ગુરુ દ્રોણના આશ્રમમાં સર્વ પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત કરેલી. એટલે કે સંસ્કૃતિ અને ધર્મની સાથે સ્વજીવનને શ્રેષ્ઠ બનાવવા ગુરુકુળ શિક્ષણપ્રણાલી શ્રેષ્ઠ હતી. બ્રાહ્મણો અને ક્ષત્રિયોને જ જયાં શિક્ષણ ઉપલબ્ધ હતું. તેમાં સમયની સાથે પરિવર્તન આવ્યું અને નાત-જાતના ભેદભાવ વગર સૌ કોઈ માટે સુલભ બનેલું. વિવિધ યુગમાં ગુરુકુળ પરંપરા તો શ્રેષ્ઠ સ્થાને જ રહી. છેલ્લાં બે હજાર વર્ષમાં સંસ્કૃતિ, ધર્મશાસ્ત્રો અને શસ્ત્રોનું જ્ઞાન આપતા વિપુલ સંખ્યા ધરાવતાં વિશ્વવિદ્યાલય જેવાં અનેક ગુરુકુળ હતાં.

ઈતિહાસની માહિતી મુજબ પાંચમી સદીમાં ઈ.સ. 450થી 470 દરમ્યાન ગુપ્તવંશના શાસક સમ્રાટ કુમાર ગુપ્તે નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના કરેલી ત્યાર બાદ ગુપ્તવંશજોના ઉત્તરાધિકારીઓએ તેનું સંવર્ધન કર્યું. ગુપ્તવંશના પતન પછી પાલશાસકોએ પણ આ વિશ્વવિદ્યાલયનું જતન કર્યું. દેશવિદેશથી પણ અભ્યાસાર્થે આવનાર વિદ્યાભ્યુસોની સાથે કુલ સંખ્યા 10,000થી વધુ હતી. 2000થી વધુ વિદ્યાગુરુઓ શિક્ષણ આપતા. પણ લગભગ છઠ્ઠી સદીમાં હુણ શાસક મિહિરકુલા દ્વારા હુમલો થતાં આ ગુરુકુળને મોટી ક્ષતિ પહોંચી હતી પણ સ્કંદગુપ્તના શાસકોએ આ વિશ્વ વિદ્યાલયને મરામ્મત કરાવી ફરી કાર્યરત કર્યું. સાતમી સદીની શરૂઆતમાં ગૌદાસની સેનાએ ફરી હુમલો કરી નાલંદામાં વિનાશ સર્જ્યો અને ફરી એક વાર બૌદ્ધ શાસક હર્ષવર્ધને (604-648) નાલંદાને નવજીવન બક્ષ્યું હતું પણ તેરમી સદીમાં થયેલા તુર્કી સેનાપતિ બખ્તિયાર ખીલજીના ઘાતક હુમલામાં ખંડેર બની ગયેલું નાલંદા ફરી ક્યારેય ઊભું જ ના થઇ શક્યું. અહીં ભારતીય સંસ્કૃતિનાં લાખો પુસ્તકોનું નવ માળનું પુસ્તકાલય એ ઘાતકીએ સળગાવી દીધેલું એવું કે સતત 3 મહિના સુધી તેની આગ ઓલવાઈ નહોતી.

નાલંદા કરતાં પણ પ્રાચીન ઈ.સ. પૂર્વેના 700 વર્ષ પહેલાં તક્ષશિલા વિશ્વવિદ્યાલય સ્થપાઈ હતી. જેમાં પણ 10,500થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. અહીં પણ વેદ-વેદાન્ત, અષ્ટાદશ વિદ્યાઓ, દર્શન, વ્યાકરણ, અર્થશાસ્ત્ર, રાજનીતિ, યુદ્ધવિદ્યા, શસ્ત્ર-સંચાલન, જ્યોતિષ, આયુર્વેદ, લલિતકલા, હસ્તકલા, અશ્વવિદ્યા, મંત્રવિદ્યા, વિવિધ ભાષાઓનું જ્ઞાન, શિલ્પ-સ્થાપત્ય, વ્યાપાર-વાણિજ્ય, ગણિત, ગૌશાસ્ત્ર, જાદુવિદ્યા, પાકકલા, જૂડો-કરાટે, મલખમ, લાઠીદાવ જેવી વિવિધ પ્રકારની જીવનોપયોગી શિક્ષાનું જ્ઞાન અપાતું. વિશ્વની સૌ પ્રથમ વિશ્વવિદ્યાલય ગણાતા તક્ષશિલાએ મહાન ઋષિ પાણીનિ, કૌટિલ્ય, ચંદ્રગુપ્ત, જીવક, કૌશલ રાજ, પ્રસનજીત ચાણક્ય અને આચાર્ય ચરક જેવી સિદ્ધહસ્તીઓ આપી છે. એવી જ પણ થોડા નાના કદની વિક્રમશિલા વિશ્વવિદ્યાલ પણ આઠમી સદીમાં ધર્મપાલ નામના રાજાએ સ્થાપિત કરેલી અને તેનો અંત પણ આક્રમણખોર બખ્તિયાર ખીલજી અને તેની સેનાએ કર્યો હતો.




અંગ્રેજોના આગમન પછી ઈ.સ. 1843ની આસપાસ એક અંગ્રેજ થોમસ મુનરો મદ્રાસ પ્રાંતનો રાજ્યપાલ હતો. તેણે તેમના કાર્યકાળ દરમ્યાન કાર્ય વિવરણમાં નોંધ કરી હતી કે આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને કર્ણાટકમાં દર 400 વ્યક્તિદીઠ એક ગુરુકુળની વ્યવસ્થા છે. ઉપરાંત એક અંગ્રેજ સંશોધક જી.ડબલ્યુ લિટનેરે ઈ.સ. 1822માં તેની નોંધપોથીમાં નોંધેલું કે ત્યારનો પાકિસ્તાન વિસ્તાર, પંજાબ, હરિયાણા, જમ્મુ,કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરભારત અને ઉત્તરાખંડ જેવા ઉત્તરી ભારતમાં 200 વ્યક્તિદીઠ એક ગુરુકુળ છે. તો એક શિક્ષણવિદ મેક્સ મૂલરે ગુરુકુળ પદ્ધિતિનો અભ્યાસ કરી એવું તારણ કાઢ્યું કે બિહાર, ઓરિસ્સા, આસામ અને પં. બંગાળમાં 80 હજારથી વધુ ગુરુકુળ છે. 18મી સદીમાં ભારતની વસ્તી માત્ર 20 કરોડ હતી ત્યારે સરેરાશ 300 વ્યક્તિદીઠ એક ગુરુકુળની ગણત્રી કરીએ તો પણ 250 વર્ષ પહેલાં 9 લાખ 32 હજાર ગુરુકુળ હતાં. ઈ.સ. 1834માં થોમ્સ બેબિંગ્ટન મેક્યુલેએ પ્રવાસી તરીકે ભારતમાં ફરીને સર્વેક્ષણ કર્યું કે મુગલોએ ભારતીય રાજાઓને હરાવી, સંપત્તિઓ લૂંટી અને સ્થાપત્યો તોડી કે વિશ્વવિદ્યાલયોનો નાશ કરીને પણ ભારતીય સંસ્કૃતિનો નાશ કરવાની જે પદ્ધતિ અપનાવી હતી તે ખોટી હતી અને ભારતીયોને જો વશ કરવા હોય તો તેની સંસ્કૃતિ, સભ્યતા અને શિક્ષણપ્રણાલી ધરમૂળથી બદલવી જરૂરી છે. અન્ય એક અંગ્રેજ શિક્ષણવિદ લોર્ડ મૈકાલેએ નવી શિક્ષણ પદ્ધતિનું માળખું 1834માં અંગ્રેજ સરકાર સામે રજૂ કર્યું જેને 1835માં જ મંજૂર કરી દેવાયું. ધીમે ધીમે અમલ શરૂ થયો પણ 1854માં વુડ કે. ડિસ્પૈચ નામના અંગ્રેજે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં મૈકોલેની નવી શિક્ષણપદ્ધતિને સમગ્ર દેશમાં અમલમાં લાવી દીધી. ત્યાર બાદ 1858માં બનાવાયેલ ઈન્ડિયન એજ્યુકેશનલ એક્ટની ધારા 28, 29, 30માં જણાવાયેલું કે વેદ, ગીતા કે પુરાણોનું ધર્મજ્ઞાન સ્કૂલોમાં આપી શકાશે નહીં ત્યારે નિઃશુલ્ક ચાલતા ગુરુકુળોને લીધે ભારતમાં 97% સાક્ષરતા હતી જે અવરોધક અધિનિયમો આવતા ભારતીય ગુરુકુળો બંધ થવા લાગ્યા અને સાથે સાક્ષરતા પણ ઘટવા લાગી. અંગ્રેજોની કેટલીક ધારાઓ આઝાદી પછી પણ યથાવત્ રહેતાં આજે પણ આપણે ધર્મનું શિક્ષણ સ્કૂલોમાં નથી આપી શકતા. હિન્દુ સંગઠનો દ્વારા આ ધારાઓમાં સુધારા અંગે સતત માંગણી થતી રહી છે. દેશ સ્વતંત્ર થયો ત્યારે 39,000 જેટલા ગુરુકુળ ખાનગી રાહે અસ્તિત્વમાં હતાં પણ તત્કાલીન સરકારની બેદરકારી અને કોઈ પણ પ્રકારના પ્રોત્સાહનના અભાવે આજે માત્ર 250 જેટલા ગુરુકુળો રહ્યા છે. જેમાં પણ અસલ ગુરુકુળ જેવી કાર્યપદ્ધિત બહુ ઓછાં ગુરુકુળોમાં જોવા મળે છે.

સુરતમાં વૈદિક શિક્ષણ સાથેનું આવું એક ગુરુકુળ છે એવું બહુ ઓછા લોકો જાણતા હશે. સુરત પાસેના સચીન તલંગપોર પાસેના અંતરિયાળ ઉમ્બેર ગામમાં તળાવ પાસે પરિત્રાણ ગુરુકુલ નામનું પૌરાણિક પદ્ધતિથી શાસ્ત્રો અને શસ્ત્રનું શિક્ષણ આપતું સંસ્થાન છે. અહીં હમણાં તો 50ની આસપાસ વિદ્યાર્થીઓ રહે છે. ઘરથી દૂર અહીં જ રહેવાનું અને ભણવાનું. અહીં મોટા ભાગના એવા અભ્યાસુઓ છે જે આર્થિક રીતે નબળા હોય અથવા કોઈના પિતા ના હોય કે કોઈની માતા ના હોય તેવાં બાળકો અને બાળાઓ છે. પ્રાચીન પરંપરાના ગુરુકુળોની જેમ અહીં સવારે 4.30 વાગ્યે વહેલા ઊઠી જઈને દિવસની શરૂઆત થાય છે. ગુરુકુળના પરિસરમાં શસ્ત્રેશ્વર મહાદેવ મંદિર છે તેથી પૂજા, યજ્ઞ અને મંત્રોચ્ચાર સાથેના ધર્મકાર્યથી પ્રારંભ થતાં આખા દિવસનું ટાઈમટેબલ તૈયાર જોવા મળે છે. કસરત કરવી, લાઠીદાવ-તલવારબાજી શીખવા અને ધર્મનું શિક્ષણ મેળવવું જેવી રોજિંદી ક્રિયામાં પણ આધુનિક શિક્ષણથી વંચિત ના રહી શકાય એટલે કમ્પ્યુટર સાથેના અંગ્રેજી શિક્ષણ માટે પણ દિવસ દરમ્યાન બહારની સરકાર માન્ય સ્કૂલોમાં બાળકોને મોકલાય છે. સંચાલક અને ગુરુ એવા આચાર્ય વિવેક ઋષિ સ્કૂલ સિવાયના સમયમાં વેદ-પુરાણો અને આયુર્વેદનું જ્ઞાન આપે છે. ગૌશાળામાં સેવા કરવી, પોતાનાં કાર્યો જાતે કરવા તથા આત્મરક્ષા માટે માર્શલ આર્ટ પણ શીખતા હોય છે. અહીં માથે શિખા અને તિલકધારી ભગવા કપડામાં બાળકોનું વ્યકિતત્વ વિશેષ જ લાગે છે. પરિત્રાણ ગુરુકુળમાં રહેતાં બાળકો અને બાળાઓની અલગ અલગ વ્યવસ્થા છે પણ અભ્યાસ સાથે જ થતો હોય છે. ધર્મગ્રંથોના મંત્રોના ઉચ્ચારણ કરતા ઋષિકુમારોને સાંભળવાનો એક લ્હાવો છે. સનાતન ધર્મ પ્રત્યેની વધી રહેલી જાગૃતિ વર્તમાન સરકારને આભારી છે. અહીંના યુવાઆચાર્ય ગુરુ વિવેક ઋષિજી જણાવે છે કે અનાથ બાળકો હોય કે આર્થિક રીતે નબળા પરિવારનાં બાળકો હોય તો પરિત્રાણ ગુરુકુળ તેમની જવાબદારી લેવા હંમેશ તત્પર છે. આવી સંસ્થા સામાન્ય રીતે દાન પર ચાલતી હોય છે કારણ કે સંવિધાનની કેટલીક ધારા ધર્મજ્ઞાન આપતી સંસ્થાઓને એવી નડે છે કે સરકારી સહાય પણ ઉપલબ્ધ નથી થતી હોતી. આચાર્ય વિવેક ઋષિએ દેશમાં સાડાચાર લાખ વિદ્યાર્થિનીઓને આત્મરક્ષાનું શિક્ષણ આપ્યું છે. એક ઉજ્જૈનમાં ગુરુકુળ આ પધ્ધતિથી ચાલે છે જેના અંતર્ગત પ્રાચીન ગુરુકુળ પંરપરાની શિક્ષણપધ્ધતિથી ઉમ્બેરનું આ નવપલ્લવિત ગુરુકુળ ચાલે છે.

> **પ્રાચીન પરંપરાનાં ગુરુકુળોની જેમ અહીં સવારે 4.30 વાગ્યે વહેલા ઊઠી જઇને દિવસની શરૂઆત થાય છે. ગુરુકુળના પરિસરમાં શસ્ત્રેશ્વર મહાદેવ મંદિર છે તેથી પૂજા, યજ્ઞ અને મંત્રોચ્ચાર સાથેના ધર્મકાર્યથી પ્રારંભ થાય છે**

વધુ ને વધુ લોકો વૈદિક શિક્ષણ મેળવે અને શાસ્ત્ર તથા શસ્ત્રોમાં પારંગત થાય એવા આશયથી આગામી 25 ડિસેમ્બરથી 14 જાન્યુઆરી સુધીની ઉમ્બેરથી ઉજ્જૈન સુધીની એક પદયાત્રા યોજાશે. આ યાત્રા દરમ્યાન ભણાવવા અસમર્થ હોય તેવા પરિવારનાં બાળકોને તેઓ ગુરુકુળમાં મોકલવા પ્રોત્સાહિત કરશે અને સાથે પણ જોડશે. તમને ગુરુકુળ વિશે જોવા-જાણવાની ઈચ્છા હોય તો ગમે ત્યારે ઉમ્બેરના પરિત્રાણ ગુરુકુળની મુલાકાત લઈ શકો છો.



# ॥ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ॥

લેખાંક-૭૨

# પ્રાગટ્ય સ્વરૂપ ભગવાનની ત્રણ અવસ્થા

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

જેવી રીતે પરમેશ્વરનો ત્રિવિધ પ્રકાશ છે તેમ લીલા માટે મનુષ્યરૂપે અવતરણ પામેલા ભગવાન શ્રીકૃષ્ણનો પ્રકાશ પણ ત્રિવિધ છે. પાંડવોના સખા શ્રીકૃષ્ણ, પાર્થસારથિ શ્રીકૃષ્ણ, કુરુક્ષેત્રના મહાયુદ્ધના નિયામક શ્રીકૃષ્ણ અને ગીતાનો ઉપદેશ આપનારા શ્રીકૃષ્ણ, આ બધું શ્રીકૃષ્ણનું માત્ર એક જ સ્વરૂપ છે. મથુરા અને દ્વારકાના મહાયોદ્ધા એ શ્રીકૃષ્ણનું બીજું સ્વરૂપ છે. ગોકુળ, વ્રજ, વૃન્દાવનમાં લીલા કરતા નંદનંદન શ્રીકૃષ્ણ, રસિકશેખર શ્રીકૃષ્ણ એ તેમનું ત્રીજું સ્વરૂપ છે.

કુરુક્ષેત્રના યુદ્ધમાં શ્રીકૃષ્ણ 'પૂર્ણ', 'સત' અને 'જ્ઞાનશક્તિ'પ્રધાન છે. દ્વારકા અને મથુરાના શ્રીકૃષ્ણ 'પૂર્ણતર', 'ચિત' અને 'ક્રિયાશક્તિ'પ્રધાન છે જયારે વ્રજ-વૃંદાવનના શ્રીકૃષ્ણ 'પૂર્ણતમ', 'આનંદ' અને 'ઈચ્છાશક્તિ'પ્રધાન છે. 'સચ્ચિદાનંદ એક અવિચ્છેદ પરમતત્ત્વ છે અને ભગવાન શ્રીકૃષ્ણ આ જ સચ્ચિદાનંદ પરબ્રહ્મ છે'. ઉપર દર્શાવેલા ત્રણે અવસ્થાનાં લક્ષણોને ધ્યાનથી સમજીએ તો ભગવાન શ્રીકૃષ્ણ 'સત', 'ચિત' અને 'આનંદ' સ્વરૂપે ત્રણેમાં એક જ છે અને આ ત્રણે તત્ત્વો એક જ પરબ્રહ્મ શ્રીકૃષ્ણમાં સમાયેલાં છે.

આ ત્રણે સ્વરૂપોને જો તાત્ત્વિક દ્રષ્ટિએ સમજીએ તો આ ત્રણે સ્વરૂપમાં અને ત્રિવિધ પ્રકાશમાં ભગવાન શ્રીકૃષ્ણે વૃન્દાવનમાં પધારીને કરેલી બાળલીલા કે જે 'નિત્યલીલા' તરીકે ઓળખાય છે તેને આંતરદ્રષ્ટિ સંપન્ન ઋષિમુનિઓ સર્વોત્તમ ગણે છે કારણ કે એમાં રાજાઓ જેવું ઐશ્વર્ય નથી. પ્રપંચ નથી. 'કામ'નો આભાસ નથી. બહારની કોઈ પણ વસ્તુનો સંબંધ પણ નથી. આ લીલાઓમાં 'માત્ર હૃદયનું જ સામ્રાજ્ય' હોય તેવું જણાય છે. અહીં કોઈ બાધા જણાતી નથી. બાળજીવન એ મનુષ્યનું પણ પ્રથમ સ્તર છે, કે જેની સમાપ્તિ કિશોર અવસ્થામાં થાય છે. તાત્ત્વિક દ્રષ્ટિએ આ જ વૃંદાવન કહેવાય છે.

મથુરા અને દ્વારકામાં પણ પ્રેમ અને હૃદય તો છે જ પરંતુ ત્યાં મન અને પ્રાણોની છાયા છે માટે ત્યાં બાધા છે. આ જ જીવનનું બીજું સ્તર છે કે જ્યાં અસીમ સાહસ અને દુઃસાહસ બંનેનો સમન્વય છે અને આ જ કિશોર અથવા યૌવનની પ્રાથમિક અવસ્થા છે.

જીવનનું ત્રીજું સ્તર એટલે વિવેચનયુક્ત કાર્ય, હિસાબ-કિતાબરૂપી કર્મ અને પ્રાપ્ત કરાયેલ સિદ્ધિઓની ગણતરી. આમ જીવનનાં જેમ ત્રણ સ્તર છે તેમ સાકાર શ્રીકૃષ્ણલીલાના પણ ત્રણ સ્તર છે. પહેલું સ્તર છે 'વનમાં', બીજું છે 'નગર તરફ' અને ત્રીજું છે 'સ્મશાન સુધી'.

ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મી એવા ગુણોના ભંડાર ભગવાન શ્રીકૃષ્ણની આ ત્રણે સ્તરોની લીલાઓને અલગ અલગ રીતે આપણે આ શ્રેણીમાં સમજવાનો પ્રયત્ન કરીશું અને આગળ પણ જણાવ્યું તેમ આની શરૂઆત 'બાળલીલા'થી કરીશું. શ્રીમદ ભાગવતનો દશમો સ્કંધ કે જે આખા ભાગવતનો સહુથી મોટો સ્કંધ છે, તેમાં શ્રી બાળકૃષ્ણ અને તેમની લીલાઓને ખૂબ સુંદર અને મધુર રીતે વર્ણવવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય(જન્મ) અને બાળલીલાઓ(કર્મ) તથા અન્ય ચરિત્રો ખૂબ દિવ્ય અને અલૌકિક રીતે વર્ણવવામાં આવ્યા છે. જેમાં મુરલી વગાડતા, નાચતા, ગાતા, હસતા અને પોતાના માધુર્યથી મોહ પમાડતા 'મોહન'નું સુંદર વર્ણન છે. સાથે જ મનુષ્યને પરમાત્માના જે કોઈ પણ દેવસ્વરૂપમાં પ્રેમ હોય તેનું ધ્યાન કરવાની સમજ છે. શ્રીમદ ભાગવતમાં ભક્તિ માટે આગ્રહ છે પરંતુ દુરાગ્રહ નથી. જયારે ભક્તિ શબ્દને સમજાવવા માટે 'અન્યાશ્રય નહિ કરવો' જેવા શબ્દોથી દુરાગ્રહ કરવામાં આવે, જડતા આવે, અહંકાર આવે તો ભક્તિ છિન્નભિન્ન થઈ જાય છે. હકીકત માત્ર એ જ છે કે જયારે શ્રીકૃષ્ણના વિયોગમાં દુઃખ થાય, ત્યારે ભક્તિની આપોઆપ શરૂઆત થાય છે. જેમાં જડતા, અહંકાર અને દુરાગ્રહનું કોઈ સ્થાન નથી.



> **જીવનનું ત્રીજું સ્તર એટલે વિવેચનયુક્ત કાર્ય, હિસાબ-કિતાબ રૂપી કર્મ અને પ્રાપ્ત કરાયેલ સિદ્ધિઓની ગણતરી. આમ જીવનનાં જેમ ત્રણ સ્તર છે તેમ સાકાર શ્રીકૃષ્ણ લીલાના પણ ત્રણ સ્તર છે. પહેલું સ્તર છે 'વનમાં', બીજું છે 'નગર તરફ' અને ત્રીજું છે સ્મશાન સુધી**

પરમ દયાળુ, પ્રેમઘન, પરબ્રહ્મ પરમાત્માએ સગુણાત્મક બાળસ્વરૂપે જે લીલાઓ કરી છે, તેને ભાગવતના આ દશમા સ્કંધ દ્વારા અંતરથી સમજવાનો અને મનને ભક્તિમાં પરોવવાનો આનંદ કંઈક અનેરો જ હોય છે. માટે જ ભાગવતના બાળકૃષ્ણ અને તેમનું ચરિત્ર 'પરમાનંદ' આપનારું છે તેમ કહેવાય છે અને આ પરમાનંદનો ઉલ્લેખ એ જ વ્રજલીલાઓ છે. પરમાત્માએ તેમના ભક્તો અને સેવકોને આ પરમાનંદ પ્રદાન કરવા માટે જ સાકાર સ્વરૂપે ભગવાન શ્રીકૃષ્ણ તરીકે આ લીલાઓ કરી છે તેમ ભાગવતના આ દશમા સ્કંધ દ્વારા તરત સમજાઈ જાય છે.

એમાં કોઈ સંદેહ નથી કે વ્રજના લોકો, ગોપ-ગોપીઓ, ગોપ બાળકો વગેરે દિવ્ય જીવો છે અને તેમની સાથે ભગવાનની લીલા 'નિત્ય' છે. આ દિવ્ય લીલામાં આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક જેવા તમામ ભાવો ભરપૂર છે. આ બાળલીલાઓ સાહજિક, સામાજિક, રાજનૈતિક, મંગળમય સિદ્ધાંતોથી ભરેલી તો છે જ પરંતુ સાથે જ તેમાં મુખ્યત્વે ભગવાનના પ્રેમ વિહવળ ભક્તોને અંતરથી ખૂબ વહાલી એવી 'પરમાનંદતા' પણ છે.

શ્રીમદ ભાગવતના આ દશમા સ્કંધને સમજાવવા માટે આમ તો ઘણા બધા મહાજ્ઞાની સંતો, આચાર્યો, કથાકારો વગેરે એ પ્રયત્ન કર્યો છે. તેના પર અનેક ટીકાઓ પણ લખવામાં આવી છે. આ ટીકાઓ ખૂબ ગૂઢાર્થ ભરેલી છે. સામાન્ય વ્યક્તિઓની સમજની બહારની છે. છતાં પણ ભગવાનને ભક્તિભાવથી સમજવાનો પ્રયત્ન કરનાર દરેક વ્યક્તિ માટે આ ટીકાઓનું થોડું ઘણું પણ જ્ઞાન મેળવવું ચોક્કસપણે આવશ્યક છે.

(ક્રમશઃ)